**GUJARAT BILL NO. 2 OF 2023.**

**THE GUJARAT REGULARISATION OF UNAUTHORISED DEVELOPMENT (AMENDMENT) BILL, 2023.**

***A BILL***

***Further to amend the Gujarat Regularisation of Unauthorized Development Act, 2022.***

સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨.

ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત (સુધારા) વિધેયક, ૨૦૨૩.

ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત અધિનિયમ, ૨૦૨૨ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના ચુંમોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. આ અધિનિયમ, ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ કહેવાશે. ટૂંકી સંજ્ઞા.

સન ૨૦૨૩નો ગુજરાતનો ૧લો.

૨. ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત અધિનિયમ, ૨૦૨૨-માં, કલમ ૫ માં, પેટા-કલમ (૨) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરવી:- સન ૨૦૨૩ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૫ માંનો સુધારો.

"(૨ક) પેટા-કલમ (૨)માં ગમે તે મજકૂર હોય તેમ છતા, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, સદરહુ જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સંજોગોમાં અને તેવી બોલીઓ અને શરતોએ, અનધિકૃત વિકાસને નિયમિત કરવા માટેની અરજી કરવા માટેની મુદત, લંબાવી શકશે.".

# ઉદ્દેશો અને કારણો

રાજ્ય સરકારે, રાજ્યમાં મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારો, નગરપાલિકા વિસ્તારો અને વિકાસ વિસ્તારોમાં અનધિકૃત વિકાસને નિયમિત કરવા માટે ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત અધિનિયમ, ૨૦૨૨ અધિનિયમિત કર્યો છે.

સદરહુ અધિનિયમની કલમ ૫ ની પેટા-કલમ (૨)થી એવી જોગવાઇ કરી છે કે અનધિકૃત વિકાસને નિયમિત કરાવવા ઇચ્છતો કોઇપણ અરજદાર, આ અધિનિયમના આરંભથી ચાર મહિનાની મુદતની અંદર તેવા અનધિકૃત વિકાસને નિયમિત કરવા માટે મુકરર સત્તાધિકારીને અરજી કરી શકશે. હવે, ગુજરાત રાજ્યે વટહુકમ પ્રસિદ્ધ કરીને ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વટહુકમ, ૨૦૨૨ (સન ૨૦૨૨-નો ગુજરાત વટહુકમ ક્રમાંક ૩) પ્રસિદ્ધ કરીને, સદરહુ અધિનિયમ, સન ૨૦૨૨-ના ઓક્ટોબર મહિનાની ૧૭-મી તારીખે અમલી બનાવ્યો છે. તેથી, ચાર મહિનાની સદરહુ મુદત, સન ૨૦૨૩ના ફેબ્રુઆરી મહિનાની ૧૬મી તારીખે પૂરી થઇ છે. તેને ધ્યાને લેતા, મુકરર સત્તાધિકારી, કોઇપણ અનધિકૃત વિકાસને નિયમિત કરવા માટેની નવી અરજીઓ સ્વીકારી શકશે નહિ.

સદરહુ વટહુકમ પ્રસિદ્ધ કર્યા પછી, રાજ્ય વિધાનસભાની ચુંટણીના હેતુ માટે આદર્શ આચાર સંહિતા લાગુ પાડવામાં આવી હતી. તેથી, તે મુદત દરમિયાન અનધિકૃત વિકાસને નિયમિત કરવા માટેની જૂજ અરજીઓ મળી હતી.

અને તેથી, રાજ્ય સરકારને, સદરહુ અધિનિયમના ઉદ્દેશોને પાર પાડવા માટે તેટલો સમય અપૂરતો જણાયો છે અને અનધિકૃત વિકાસને નિયમિત કરવા માટેની અરજી કરવા માટેની ચાર મહિનાની સદરહુ મુદત લંબાવવી જરૂરી જણાઇ છે. સદરહુ અધિનિયમની કલમ ૫-માં યોગ્ય સુધારો કરવા ધાર્યું છે. અધિનિયમની કલમ ૨ થી તે માટેની જોગવાઇ કરી છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

ઋષિકેશ પટેલ,

# ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

કલમ ૨.- આ કલમથી, કલમ ૫-માં દાખલ કરવા ધારેલી નવી પેટા-કલમ (૨ક)થી રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, કોઇપણ અનધિકૃત વિકાસને નિયમિત કરવા માટેની અરજી કરવા માટેની મુદત લંબાવવાની સત્તા મળે છે; તેનાથી રાજ્ય સરકારને, સદરહુ જાહેરનામામાં, જે સંજોગોમાં અને જે બોલીઓ અને શરતોને અધિન, અનધિકૃત વિકાસને નિયમિત કરવા માટેની અરજી કરવા માટેની મુદત લંબાવવી જોઇશે, તે સંજોગો, બોલીઓ અને શરતો નિર્દિષ્ટ કરવાની સત્તા પણ મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૨૦મી ફેબ્રુઆરી,૨૦૨૩. ઋષિકેશ પટેલ.

## પુરવણી

## ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત અધિનિયમ, ૨૦૨૨

## (સન ૨૦૨૩ના ગુજરાતના ૧-લા) માંથી ઉતારા

---

અનધિકૃત વિકાસને નિયમિત કરવા માટે અરજી કરવા બાબત.

૫. (૧) XXX XXXX XXX

(૨) પેટા-કલમ (૧)માં જોગવાઇ કર્યા પ્રમાણેના સુસંગત કાયદા હેઠળ જેની ઉપર નોટિસ બજાવવામાં આવી હોય કે ન હોય તેવો કોઇ અરજદાર, કોઇ અનધિકૃત વિકાસને નિયમિત કરવા માટે, આ અધિનિયમના આરંભથી ચાર મહિનાની મુદતની અંદર, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે મુકરર સત્તાધિકારીને અરજી કરી શકશે. અરજી કરવાની બાબત, માલિક/કબજો ધરાવનારની જવાબદારી રહેશે:

પરંતુ જેમાં એક કરતા વધુ માલિકો અથવા કબજો ધરાવનારા અનધિકૃત વિકાસની આંશિક અથવા સમગ્રત: સુવિધા મેળવતા હોય તેવા કિસ્સામાં, આવા તમામ માલિકો અથવા કબજો ધરાવનારાએ, મુકરર સત્તાધિકારીને સંયુક્ત રીતે અરજી કરવી જોઇશેઃ

વધુમાં, મુકરર સત્તાધિકારીને પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી ખાતરી થાય, તો તેઓ ઓછી સંખ્યામાં માલિકો અથવા કબજો ધરાવનારાને અરજી કરવાની પરવાનગી આપી શકશે.

(3) XXX XXXX XXX

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨]

ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત અધિનિયમ, ૨૦૨૨ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી ઋષિકેશ પટેલ,

આરોગ્ય મંત્રીશ્રી]

(સન ૨૦૨૩ના ફેબ્રુઆરી મહિનાની ૨૦મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી.એમ.પટેલ,

સચિવ,

ગુજરાત વિધાનસભા.